ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૨૮.૦૩.૨૦૧૯

-----------

**તારીખ ૩૦ માર્ચના રોજ ગાંધીનગર લોકસભા બેઠક પર ઉમેદવાર તરીકે રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ નામાંકન પત્ર દાખલ કરશે**

-----------

**ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહના ૪ કિલોમીટરના ભવ્ય રોડ-શોના રૂટનું નિરિક્ષણ કરતાં ભાજપાના રાષ્ટ્રીય મહામંત્રીશ્રી ડૉ. અનિલ જૈન**

-----------

**રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના ભવ્ય અને ઐતિહાસિક રોડ-શોમાં કેન્દ્રીય નેતૃત્વ અને મંત્રીશ્રી નીતિન ગડકરીજી, ગૃહમંત્રીશ્રી રાજનાથસિંહજી, શીવસેનાના અધ્યક્ષશ્રી ઉધ્ધવ ઠાકરેજી તથા પંજાબના પૂર્વમુખ્યમંત્રી શ્રી પ્રકાશસિંહ બાદલ સહિતના મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહેશે - શ્રી ડૉ. અનિલ જૈન**

-----------

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા સેલની અખબારી યાદી જણાવે છે કે, તારીખ ૩૦ માર્ચના રોજ ગાંધીનગર લોકસભા બેઠક પર ઉમેદવાર તરીકે રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ નામાંકન પત્ર દાખલ કરવાના હોઇ તેના સંદર્ભમાં નારણપુરા ખાતેના શ્રી શાહના જુના નિવાસસ્થાનેથી શરૂ થનાર આશરે ૪ કિલોમીટરના ભવ્ય રોડ-શો રૂટના નિરિક્ષણ માટે આજરોજ રાષ્ટ્રીય મહામંત્રીશ્રી ડૉ. અનિલભાઇ જૈન દ્વારા સમગ્ર રૂટનું નિરિક્ષણ કરાયુ હતુ. ડૉ. અનિલ જૈન સાથે ભાજપા પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા, ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, મહામંત્રીશ્રી કે.સી.પટેલ, લોકસભાના ઇન્ચાર્જ શ્રી હર્ષદભાઇ પટેલ, મહાનગર અધ્યક્ષશ્રી જગદીશ પંચાલ, અમદાવાદ જીલ્લા ભાજપા અધ્યક્ષશ્રી આર.સી.પટેલ તથા કર્ણાવતી મહાનગર અને ગાંધીનગર લોકસભાની વ્યવસ્થા ટીમ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા.

ડૉ. અનિલ જૈને ઇલેક્ટ્રોનિક મીડિયાને સંબોધતા જણાવ્યુ હતુ કે, માનનીય રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના ભવ્ય અને ઐતિહાસિક રોડ-શોમાં કેન્દ્રીય નેતૃત્વ અને મંત્રીશ્રી નીતિન ગડકરીજી, ગૃહમંત્રીશ્રી રાજનાથસિંહજી, શીવસેનાના અધ્યક્ષશ્રી ઉધ્ધવ ઠાકરેજી તથા પંજાબના પૂર્વમુખ્યમંત્રી શ્રી પ્રકાશસિંહ બાદલ સહિતના મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહેશે.

શ્રી જૈને વધુમાં જણાવ્યુ હતુ કે, સરદાર પટેલ સ્મારકથી સરદાર પટેલ ચોક સુધીની આશરે ૪ કિલોમીટર સુધીની આ પદયાત્રા સમગ્ર ગુજરાતમાં સરદાર અને ગાંધીજીના મહત્વને પ્રતિપાદિત કરે છે. આગામી તારીખ ૩૦ માર્ચના રોજ સવારે ૯.૦૦ કલાકે સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલી કરી માન. રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ નામાંકન પત્ર દાખલ કરવા માટેના ભવ્ય રોડ-શોની શરૂઆત કરશે. વિશાળ સંખ્યામાં કાર્યકરો, ધર્મગુરુઓ, સામાજીક સંસ્થાઓના આગેવાનો અને સમાજના પ્રતિષ્ઠિત આગેવાનોની હાજરીમાં ઢોલ-નગારા અને શરણાઇ સાથે શંખનાદના પવિત્ર વાતાવરણમાં હર્ષ અને ઉલ્લાસ સાથે આ રોડ-શો આગળ વધશે.

આ ચૂંટણી ગાંધીનગર માટે ઐતિહાસિક બની રહેશે કારણ કે, શ્રી અમિતભાઇ શાહ એવા કાર્યકર છે કે જેઓએ આજ વિસ્તારના બૂથ પ્રમુખ તરીકે, નારણપુરા વોર્ડના પ્રમુખ તરીકે અને અમદાવાદના બે વિસ્તારના ધારાસભ્ય તરીકે, ગૃહમંત્રી તરીકે સેવાઓ આપેલ છે. હવે તેઓ સંસદસભ્ય તરીકે પોતાનું યોગદાન આપવા જઇ રહ્યા છે, ભાજપા જ એકમાત્ર એવી પાર્ટી છે જેના બૂથ સ્તરના સામાન્ય કાર્યકર પણ ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ બની શકે છે, આમ આ બાબત ભાજપાની આંતરિક લોકશાહીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે, આ લોકતાંત્રિત પાર્ટીમાં શ્રી અમિતભાઇ શાહ અનેક કાર્યકરો માટે પ્રેરણાસ્ત્રોત બની રહેશે તેમ શ્રી ડૉ. અનિલ જૈને અંતમાં જણાવ્યુ હતુ.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૨ તા. ૨૮.૦૩.૨૦૧૯

-----------

## કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાની ઉપસ્થિતિમાં અમરેલી જીલ્લાના કોંગ્રેસના સહકારી આગેવાન દિપક માલાણી સહિત કોંગ્રેસના ૩૦૦ કાર્યકરો ભાજપામાં જોડાયા

-----------

ભાજપા પ્રદેશ મીડિયા સેલની અખબારી યાદી જણાવે છે કે, આજરોજ કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાની ઉપસ્થિતિમાં અમરેલી જીલ્લાના સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડ ખાતે ભાજપા કાર્યકર્તા સંમેલન યોજાયુ હતુ.

કોગ્રેસ પ્રમુખ અને સહકારી આગેવાન શ્રી દીપક માલાણી તથા ૩૦૦ કાયેકરો સાથે કોંગ્રેસ સાથે છેડો ફાડી ભાજપમાં જોડાયા હતા ત્યારે કોંગ્રેસના વિપક્ષ નેતા પરેશ ધાનાણીના વિસ્તારમાં સૌથી મોટું ગાબડું પડ્યુ અને ભાજપામાં પ્રવેશથી અમરેલી જીલ્લામાં ભાજપાની શક્તિમાં વધારો થયો છે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા. ૨૮.૦૩.૨૦૧૯

-----------

## ગુજરાત અને દેશની જનતા શ્રી નરેન્દ્રભાઈ મોદીને ફરીથી પ્રધાનમંત્રી બનાવવાં ઈચ્છે છે
## – શ્રી ભરત પંડ્યા

-----------

## આજે કોંગ્રેસ સાથે તેના કોઈ સાથી પક્ષો બેસવાં તૈયાર નથી
## કોંગ્રેસના નેતૃત્વની નીતિરીતિથી તેના સાથી પક્ષો અને નેતાઓ છૂટા પડી રહ્યાં છે
## – શ્રી ભરત પંડ્યા

-----------

## ગુજરાતની જનતા થર્ડ પાર્ટીને ક્યારેય સમર્થન આપ્યું નથી અને આપશે પણ નહી
## – શ્રી ભરત પંડ્યા

-----------

ગુજરાતની ૨૬ લોકસભા બેઠક પરથી એન.સી.પી. ચૂંટણી લડવાની છે તે સામે પ્રતિક્રિયા આપતાં ભાજપના પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઈ પંડયાએ જણાવ્યું હતું કે, આ લોકશાહી માટે સારી વાત છે. કોંગ્રેસને મહાગઠબંધનમાં એક વધુ ઝટકો પડયો છે. યુપી, દિલ્હી સહિત અલગ રાજયોમાં પણ કોંગ્રેસ સાથે કોઈ બેસવાં તૈયાર નથી. નેતૃત્વની નીતિરીતિથી કોંગ્રેસમાંથી સાથી પક્ષો અને નેતાઓ પણ છૂટા પડી રહ્યાં છે. ગુજરાતની જનતા થર્ડ પાર્ટીને ક્યારેય સમર્થન આપ્યું નથી અને આપશે પણ નહી.

'શું નેશનલ કોંગ્રેસ પાર્ટી (એન.સી.પી.) ભાજપની બી-ટીમ બનીને કામ કરશે ?' તેનાં જવાબમાં શ્રી ભરત પંડયાએ જણાવ્યું હતું કે, નેશનલ કોંગ્રેસ પાર્ટી (એન.સી.પી.) તો કોંગ્રેસની એ-ટીમ છે.

શ્રી પંડ્યાએ જણાવ્યુ હતુ કે, એકબાજુ નેતૃત્વવિહિન, દિશાવિહીન ગઠબંધન છે અને બીજી બાજુ શ્રી નરેન્દ્રભાઈ મોદીનું મજબૂત અને નવાં ભારતનાં નિર્માણ માટે પ્રગતિલક્ષી નેતૃત્વ છે. એકબાજુ માત્ર પરીવારવાદી અને ભ્રષ્ટ્રાચારી ગઠબંધન છે અને બીજી બાજુ સામાન્ય પરીવારમાંથી આવતાં પ્રામાણિક અને પરીશ્રમી શ્રી નરેન્દ્રભાઈનું નેતૃત્વ છે. ગુજરાત અને દેશની જનતા શ્રી નરેન્દ્રભાઈ મોદીને ફરીથી પ્રધાનમંત્રી બનાવવાં ઈચ્છે છે એટલે ગુજરાતની જનતા તમામ ૨૬ બેઠકો પર ભાજપને ભવ્ય મતોથી જીતાડશે તેવો વિશ્વાસ છે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ